અપીલ અરજી નં.૧૦ તા.૭–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાળા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાળાની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) હરિનગર–૨ ના ઉપરોકત આઠ પ્લોટો નં.૩૩૭ થી ૩૪૪ ના પ્લાન મંજુર થયા છે.રજાચિઠ્ઠી નંબર અને તારીખની માહિતી આપશો.મુદ્દા નં.(૨) ઉપરોકત ૮ (આઠ) પ્લોટો સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે કોના નામે ચાલે છે. નામે ચઢાવવા કોઈ અરજી કયારે કોના તરફથી સુરત મહાનગરપાલિકાને મળેલ છે તે અરજી અરજીઓની સંપુર્ણ બિડાણો સાથેની નકલ આપશો અને તે અરજીઓ બાબતમાં સુરત મહાનગરપાલિકાએ કરેલ કાર્યવાહીની માહિતી આપશો. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૦૭–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૦ /૨૦૧૧–૧૨

શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાળાની તા.૨૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) હરિનગર–૨ ના ઉપરોકત આઠ પ્લોટો નં.૩૩૭ થી ૩૪૪ ના પ્લાન મંજુર થયા છે. રજાચિઠ્ઠી નંબર અને તારીખની માહિતી આપશો. મુદ્દા નં.(૨) ઉપરોકત ૮ (આઠ) પ્લોટો સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે કોના નામે ચાલે છે. નામે ચઢાવવા કોઈ અરજી કયારે કોના તરફથી સુરત મહાનગરપાલિકાને મળેલ છે તે અરજી,અરજીઓની સંપુર્ણ બિડાણો સાથેની નકલ આપશો અને તે અરજીઓ બાબતમાં સુરત મહાનગરપાલિકાએ કરેલ કાર્યવાહીની માહિતી આપશો. તેની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ ટેક./૭૮૦ તા.૨૮–૩–૧૧થી આપેલ માહિતીનો નિર્ણય ખોટો અને અધૂરો હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૭–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૭ તા.૧૫–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં આરટીઆઈ એકટની કલમ ૧૧ ત્રાહિતની જોગવાઈ ધ્યાને લેતાં સાથે અરજદારને પણ જો તે લાગુ પડતી હોય તો તેવા કિસ્સામાં અપીલ બાદ કોઈ માહિતિ મળેલ હોય તો મળ્યા બાદ નારાજગી સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/૨૧૫ તા.૧૭–૫–૧૧ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ત્રાહિત પક્ષકાર દિવ્ય વસુંધરા ફા. પ્રા.લી. ને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૧૯ તા.૨૧–૩–૧૧ ના પત્રની નકલ, શ્રી વિજય કાંતિલાલ ધોળકીયા ને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૨૦ તા.૨૧–૩–૧૧ ના પત્રની નકલ તથા તેને સ્વીકાર્યા અંગેની નકલ, વસુંધરા ફા. પ્રા.લી. એ જાહેર માહિતી અધિકારી ઉધનાને તા.૩૦–૩–૧૧ ના પાઠવેલ પત્રની નકલ, તથા જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૧ તા.૧૪–૪–૧૧ ના પત્રની નકલ તથા તેને યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી શહેર સુરતના ઉધના સીમમાં આવેલ રે.સ. નં.૨૦૯/૧ , ૨૧૦ વાળા જમીન જેના ટીપી સ્કીમ નં.૨ ઉધના ફા.પ્લોટ નં.૧ આપવામાં આવેલ . જમીન ઉપર હરીનગર કોલોની નં.૨ નામથી ઓળખાતી સોસા. આવેલ છે. તેમાં કહેવાતા પ્લોટ નં.૩૩૭ થી ૩૪૪ કુલ–૮ પ્લોટો અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં. .(૧) હરિનગર–૨ ના ઉપરોકત આઠ પ્લોટો નં.૩૩૭ થી ૩૪૪ ના પ્લાન મંજુર થયા છે. રજાચિઠ્ઠી નંબર અને તારીખની માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતેજાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૭૮૦ તા.૨૮–૩–૧૧ થી " સંદર્ભ અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કત પ્લોટ નં.૩૩૭ થી ૩૪૪ ના પ્લાન અંગેના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મંજંરી આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) ઉપરોકત ૮ (આઠ) પ્લોટો સુરત મહાનગરપાલિકાના આકારણી દફતરે કોના નામે ચાલે છે. નામે ચઢાવવા કોઈ અરજી કયારે કોના તરફથી સુરત મહાનગરપાલિકાને મળેલ છે તે અરજી,અરજીઓની સંપુર્ણ બિડાણો સાથેની નકલ આપશો અને તે અરજીઓ બાબતમાં સુરત મહાનગરપાલિકાએ કરેલ કાર્યવાહીની માહિતી આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ/આ.નં.૬૧ તા.૧૩–૪–૧૧ થી " હરીનગર–૨ ખાતે આવેલ પ્લોટ નં.૩૩૭ થી ૩૪૪ ઉધનાઝોનના આકારણી દફતરે દાખલ નથી. જે પ્લોટ નામે ચઢાવવા અંગે શ્રી વિજયકુમાર કાંતિલાલ ધોળકીયા વિગેરે (મિલ્કત ખરીદનાર) રહે. ૩૭/૭, ઓમકારેશ્વર એસ્ટેટ, મહાદેવ મંદિરની બાજુમાં, ઉધનાગામ સુરતનાએ ઈનવર્ડ નં.૧૧૨

તા.૧૭–૮–૧૦ થી ઉધનાઝોન અરજી કરેલ છે. જેની વિરુધ્ધમાં શ્રી બળવંત લાલ ઠાકોરદાસ રાણાએ મધ્યસ્થ કચેરીમાં અરજી નં.ડી/૭૭૦૧ તા.૨–૧૧–૧૦ ની વાંધા અરજી કરી હોય, કોર્ટ મેટર હોય, નામફેર અરજીની કામગીરી પેન્ડીંગમાં છે. માહિતી આપવાના સંદર્ભે નીચેની માહિતીના દસ્તાવેજો ત્રાહિત પક્ષકારે માહિતી/નકલો આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ હોઈ આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૨૮–૩–૧૧ ના નિર્ણયથી નારાજ થઈ તા.૭–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જણાવેલ નિર્ણય ગેરકાયદેસરનો અને અધૂરો અને યોગ્ય અભ્યાસ કર્યા વગરનો હોવાનો જણાવેલ છે. પરંતુ તે અંગે અરજદારે કોઈ આધાર પુરાવા રજૂ કરલ નથી. વધુમાં અરજદારે મુદ્દા નં.૧ માં પ્લોટોની પ્લાન મંજુર થયેલ છે તેની અને રજાચિઠ્ઠી નંબર અને તારીખની વિગત માંગેલ છે જે જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં રેકર્ડ ચકાસતાં મંજુર કરવામાં આવેલ નથી તેથી રજાચિઠ્ઠી અંગેનો પ્રશ્ન ઉપસિથત થતો નથી. જયારે મુદ્દા નં. ૨ માં અરજદારે સદર પ્લોટોની આકારણી દફતરે ચઢાવવા નામેની અરજી અને કાર્યવાહીની માહિતી માંગેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઝોન/અકટ/આરટીઆઈ/૬૧ તા.૧૩–૪–૧૧ થી સદર પ્લોટો આકારણી દફતરે દાખલ નથી અને જે અંગે આવેલી અરજી પેન્ડીંગ હોવાનું પણ જણાવેલ છે. જયારે હાલના દફતરી રેકર્ડની ત્રાહિત વ્યકિતની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૧૯ તા.૨૧–૩–૧૧ થી દિવ્ય વસુંધરા ફા. પ્રા. લી.કું. ડિરેકટર શ્રી નવનભાઈ ઘેલાભાઈ પટેલને તથા પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૮૨૦ તા.૨૧–૩–૧૧ થી શ્રી વિજયકુમાર કાંતિલાલ ધોળકીયા વિગરેને ત્રાહિત વ્યકિતની માહિતી આપવા માટે અભિપ્રાય માંગવામાં આવેલ. જે અંગે દિવ્ય વસુંધરા ફા. પ્રા. લી.કું. તરફથી તા.૩૦–૩–૧૧ થી જાહેર માહિતી અધિકારીને અરજદારે આકારણી બાબતે જે માહિતી માંગી છે તે અંગે તેને કંઈ પણ લાગતુ વળગતું નથી તથા તે મિલ્કતના તેઓ માલિક કે કબ્જેદાર પણ નથી જેથી તેઓને આ મિલ્કત બાબતોને લઈને માહિતી આપવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. તથા ખરેખર માહિતી આપવામાં આવે તો તેનાથી અમારી કંપનીને ઘણું મોટું નુકશાન થાય તેમ છે તથા તેને લઈને ભવિષ્યમાં મજકુર ઈસમ ધ્વારા કંપની સાથે તેનો દુરપયોગ થાય તેમ છે જેથી તેઓને આ બાબતે કંઈ પણ માહિતી આપવી નહી. તથા માહિતી આપતા પહેલા રૂબરૂ સાંભળવાની તક આપવાની રજૂઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતની માહિતી અંગે નકલો આપવા આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ ઈન્કાર પણ કરેલ છે. આમ અરજદારને બંને મુદ્દા પૂરતી દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ છે જયારે નકલ માટે કલમ–૧૧ હેઠળ કરેલ ઈન્કાર કાયદાની જોગવાઈ સાથે સુસંગત જણાતો હોઈ બહાલ રાખવામાં આવે છે. તદઉપરાંત કાર્યવાહી હેઠળનો કેસ પણ બનતો હોઈ મુદ્દા નં.૨ ની નકલો પૂરતું કલમ–૮(૧)(આઈ) હેઠળ અધિકારીઓના વિચાર વિમર્શના અપવાદ હેઠળ પણ કેસ આવી શકે. આમ અરજદાર પાસે કલમ–૧૧ હેઠળ ત્રાહિતની જોગવાઈઓ ધ્યાને લઈ કોઈ માહિતી મળેલ હોય અને માહિતી મળ્યા બાદ નારાજગી જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તેવી કોઈ વિગતો રજૂ થયેલ નથી. આમ અરજદારને મુળ અરજીના મુદ્દા નં.૧ અને ૨ની માહિતી વિલંબથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલમાં વિલંબથી માહિતી અંગે દંડપાત્ર કાર્યવાહીની રજૂઆત કરેલ છે. જે અંગેની સત્તા રાજય માહિતી આયોગ, ગાંધીનગરને છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ તે અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલમાં વિલંબથી આપેલ માહિતી અંગે દંડકીય કાર્યવાહીની રજૂઆત અંગે આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ આ સત્તા રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગાંધીનગરને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવા પાત્ર રહેતી નથી. અરજદાર ઈચ્છુક હોય તો કલમ–૧૮ સાથે ૧૯(૩) હેઠળ આ અંગે રાજય માહિતી આયોગને દિન–૯૦ માં બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ઈન્દુભાઈ ડી. દાળવાળા ,